ક્રિ.કે.નં.567/2023

# લોધિકાનાં મહેરબાન જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,.

ક્રિ.કે.નં.૫૬૭/૨૦૨૩
આંકઃ–

Bureau of Indian Standards,
though. Shri Dhanraj Karad
Scientist B, Bureau of indian standards,
Rajkot Branch Office,
Age:– Adult. Occupation: Service
Address:– Opp. Crystal Mall, kalawad road,
Rajkot–360 005

Complainant,....

Versus

1) M/s Silver Foils Pvt Ltd
(a pvt ltd company under provisions of companies act)
2) Hansaben bharatbhai Ranparia
(Director of M/s Silver Foils Pvt Ltd)
Hindu adult
3)Pravinbhai bhikhabhai Ranparia
(Director of M/s Silver Foils Pvt Ltd)
Hindu adult
4) Sumeet Rameshchanra Butani
(Director of M/s Silver Foils Pvt Ltd)
Hindu adult
5) Uttam Dhanjibhai Ranparia
(Director of M/s Silver Foils Pvt Ltd)
Hindu adult
**Address:**– 11, Atul Industrial Estate,
NR Akshar Weight Bridge, Khirasara Ta.Lodhika Dist. Rajkot
**Resi Address Of Accused No**. 5
Block 31, alay Residency 2,
Nr.Maruti Chowk, Nana Mava Road, Rajkot Accuse....

Complaint under section 200 of Cr.P.C. read with section 17 of the Bureau of Indian standards Act, 2016, for prosecuting and punishing the accused company and responsible persons for violations of BIS Act.2016.

ફરિયાદપક્ષે વિદ્વવાન વકિલશ્રી સી.એલ.ધ્રુવ
આરોપીપક્ષે વિદ્રવાન વકિલશ્રી એ.જી.શાહમદાર

**//હુકમ//**

૧) તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ પેઢીનાં જવાબદાર વ્યક્તિ આરોપી નં. ૫ ની હાજરીમાં ફરિયાદી બ્યુરોનાં ઈન્વેસ્ટીગેશન ટીમે આરોપી પેઢીને પેઢી ખાતે રેઈડ કરતા અને કલમ ૨૮ મુજબ સર્ચ અને સિઝરની કાર્યવાહી કરતા પી.વી.સી. ઈનસ્યુલેટેડ ટેબલ આઈ.એસ.આઈ નાં માર્કા વગર પી.વી.સી.ઈનસ્યુલેટેડ ટેબલ આઈ.એસ.આઈ નાં માર્કા સાથે પરંતુ લાઈસન્સ નંબર અથવા સ્ટાન્ડર્ડ નંબર વગર નો મુદ્દામાલનો જથ્થો સિઝ કરવામાં આવેલો. સીઝર મેમો અને સુપરદારી મેમો તૈયાર કરવામાં આવેલો. જેના આધારે બ્યુરોનાં ઓથોરાઈઝ ઓફિસરની ઓથોરિટીનાં આધારે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ બી.આઈ.એસ. એક્ટની કલમ ૧૭ અને ૨૬ નાં ભંગ બદલ બી.આઈ.એસ. ની કલમ ૨૯ ની શિક્ષાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવા તથા જપ્ત કરેલો મુદ્દામાલનો જથ્થો ફોરફીટ કરવા હાલની ફરિયાદ બી.આઈ.એસ. એક્ટ્ની કલમ ૧૭ અને ૨૬ નાં ભંગ બદલ બી.આઈ.એસ.ની કલમ ૨૯ હેઠળનાં શિક્ષાપાત્ર ગુન્હા માટે દાખલ કરેલ છે.

૨) સદર કામે આરોપીઓને સમન્સ બજતા આરોપીઓને કેસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓએ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક-..... થી તેમનો પ્રથમ ગુન્હો હોય, કાયદાની અજ્ઞાનતા, અજાણતા વશ ગુન્હો થયેલ હોય ફરી વખત આવો ગુન્હો ન થાય તેની કાળજી લઈશુ અને કાયદામાં જોગવાઈ મુજબ ઓછા ઓછા દંડ કરવા તેમની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતા જાહેરાત કરેલ છે. સીઝ કરવામાં આવેલો અને કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ બી.આઈ.એસને ફોરફીટ કરવામાં આવે તો તેમને વાંધો નથી તે મતલબની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. આંક ..... થી આંક ..... સુધી આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે જેમાં પણ તેમણે ગુન્હો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.

૩) આરોપી સામે આક્ષેપિત ગુન્હાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, બી.આઈ.એસ.એક્ટ ૨૦૧૬ ની કલમ ૨૯ હેઠળ કલમ ૨૬ નાં ભંગ બદલ ૫ લાખ સુધીનાં દંડની જોગવાઈ છે. કલમ ૧૭ નાં ભંગ બદલ બે વર્ષ સુધીની સજા અથવા ફાઈન જે ઓછામાં ઓછા બે લાખ સુધી પ્રથમ ગુન્હાનાં ભંગ બદલ અને કબ્જે કરાવેલા જથ્થાનાં દસ ગણા સુધીનાં દંડની જોગવાઈ છે. હાલનાં કામે આરોપીઓએ આંક ૫ થી જે પુરશીસ આપેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, તથા આજરોજ ફરિયાદીનાં વિ.વ.શ્રી કોર્ટ રૂબરૂ જાતે હાજર રહેલા અને તેમણે પણ સાંભળવામાં આવેલ છે. તેમની રજુઆતોને ધ્યાને લેતા આરોપી પેઢી અને આરોપીઓ સામે પ્રથમ ગુન્હો છે. આરોપી પેઢીએ કાયદાની અજ્ઞાનતામાં ગુન્હો કરેલ છે. વધુમાં, ૨૦૨૦ થી ૨૦૨૨ સુધીનાં સમય દરમ્યાન કોરોનાં કાળની પરિસ્થિતિ હોય, ધંધા રોજગારમાં મંદીની પરિસ્થિતિ હોય, તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાની રજુઆત છે. વધુમાં કાયદામાં સદરહુ ગુન્હો સમાધાન લાયક છે. કેસ દાખલ થયા બાદ પણ ફરિયાદ પક્ષ આમાં સમાધાન કરી શકે છે આ તમામ હકીકત ધ્યાને લેતા કાયદામાં નિર્દિષ્ટ દંડની સજા કરવી ન્યાયોચીત જણાય છે. જ્યારે આરોપીઓ સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય ત્યારે તેને સુધારવાની તક મળી રહે તે પણ ન્યાયોચીત છે. જેથી તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ આરોપીને કાયદામાં નિર્દિષ્ટ ઓછામાં ઓછી દંડની સજા કરવી ન્યાયોચીત જણાય છે અને જ્યારે આરોપીઓ સામેથી જે મુદ્દામાલ છે તે ફોરફીટ કરવા સમંતિ આપી રહ્યા હોય તે પણ બ્યુરોને ફોરફીટ કરવો ન્યાયોચીત જણાતો હોય. જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

ક્રિ.કે.નં.567/2023

## //હુકમ //

–આ કામનાં આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ મુજબ બી.આઈ.એસ. ૨૦૧૬ ની કલમ ૧૭ અને ૨૬ નાં ભંગ બદલ બી.આઈ.એસ.એક્ટની કલમ ૨૯ નાં ભંગ બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે.દરેક આરોપીઓને ગુન્હો કરવા બદલ રૂપિયા ૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. (કુલ દંડ ૨,૦૦,૦૦૦ x ૫ = ૧૦,૦૦,૦૦૦/–)

– આ કામે કબ્જે લેવામાં આવેલા સિઝર મેમોના તથા સુપરદારી મેમોનાં જે આ કામે નિશાની ૩/૪ તથા નિશાની ૩/૫ થી રજુ થયેલ છે. તે તમામ મુદ્દામાલ બી.આઈ.એસ. એકટની કલમ ૩૨(૪) ની જોગવાઈ મુજબ બ્યુરોને ફોરફીટ(forfeit) કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તા.૧૬મી માહે.સપ્ટેમ્બર, સને. ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મું.લોધિકા,
તા.૧૬/૦૯/૨૦૨૩

**(Rupesh Kiritkumar Jani)**
Principal civil Judge & J.M.F.C.
Lodhika.
**Code No.GJ**01658